# THE ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES (GUJARAT STATE)

Formed under Section 9(1) of the Gujarat Professional Technical Education Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007

Tele : +91-79-26300360
Tele-fax : +91-79-26304118
Email : acpc-dte@gujarat.gov.in
URL : www.jacpcldce.ac.in

L. D. College of Engineering Campus
Navrangpura, Ahmedabad – 380015
GUJARAT, INDIA


**No. ACPC/D2D/SFI/VQ/2025/405** **Date: 02.08.2025**

પ્રતિ
આચાર્યશ્રી/ડાયરેક્ટશ્રી
સ્વનિર્ભર ડીગ્રી ઈજનેરી/ફાર્મસી સંસ્થાઓ.
ગુજરાત રાજ્ય

**વિષય** : સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરી/ફાર્મસી સંસ્થાઓમાં ડીપ્લોમાં થી ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમોની ખાલી રહેલી બેઠકો ઉપર પ્રવેશ આપવા બાબત

**સંદર્ભ** : શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યના જાહેરનામાં ક્રમાંક: GH/SH/2020/29/PVS/102020/61/S તા. ૦૭.૦૭.૨૦૨૦ અને તેના વખતોવખત ના સુધારાઓ

મહોદય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે આપને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ ના ડીપ્લોમાં થી ડિગ્રી ઈજનેરી/ફાર્મસી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી પ્રવેશ પક્રિયાના તબક્કા -3 બાદ ખાલી રહેલી બેઠકો સંદર્ભિત જાહેરનામાના નિયમ -૨૧ મુજબ સંસ્થા સ્તરે નીચે મુજબ ની કાર્યરીતીને અનુસરીને Fair, Transparent, and Non Exploitative રીતે ભરવાની રહેશે.

**ખાલી રહેલી જ્ગ્યાઓ માટે નીચે મુજબના અગ્રતાક્રમેઉમેદવારોની પસંદગી કરવાની રહેશે.**

(૧) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ અનુસાર ખાલી રહેલી બેઠકો માટે પ્રવેશ વર્ષ ૨૦૨૫ નો મેરીટ નંબર ક્રમાંક ધરાવતા હોય,

(૨) AICTE ને રાજ્ય સરકારશ્રીના નિયમો અનુસાર લઘુતમ પ્રવેશ લાયકાત ધરાવતા અને વર્ષ ૨૦૨૫ કે અગાઉ ના કોઈપણ વર્ષ માં ડીપ્લોમાં પાસ કરેલ હોય અને DDCET -૨૦૨૫ પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ

(૩) ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સીટીમાંથી D.Voc. Stream માંથી ડીપ્લોમાં ધરાવતા હોય તેવા ઉમેદવારો અને DDCET -૨૦૨૫ પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ

(૪) ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સીટીમાંથી B.SCની ડિગ્રી ધરાવતા અને જેઓએ ધો.૧૨(વી.પ્ર)ની પરીક્ષા ગણિત વિષય સાથે ઉતીર્ણ કરેલ હોય અને DDCET-૨૦૨૫ પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ

(૫) AICTE ને રાજ્ય સરકારશ્રીના નિયમો અનુસાર લઘુતમ પ્રવેશ લાયકાત ધરાવતા અને DDCET પરીક્ષા નાં આપી હોય તેવા વિદ્યાર્થીઓ

તદઉપરાંત પ્રત્યેક સંસ્થાઓએ નીચે મુજબના સામાયિક કાર્યક્રમ ને અનુલક્ષી ને કાર્યવાહી કરવાની રહેશે.

Tele : +91-79-26300360
Tele-fax : +91-79-26304118
Email : acpc-dte@gujarat.gov.in
URL : www.jacpcldce.ac.in
L. D. College of Engineering Campus
Navrangpura, Ahmedabad – 380015
GUJARAT, INDIA

**પ્રવેશ કાર્યક્રમ :**

| Sr. No. | Activities | Date |
|---|---|---|
| 1 | SFI Vacant Seat information on ACPC Website | 05.08.2025 |
| 2 | Vacant Seat Information on Institute Website | 05.08.2025 |
| 3 | Vacant Seat Admission: SFI<br>• Application Form Distribution<br>• Merit List Declaration on Institute Website<br>• Admission Counselling at Institute level | 05.08.2025 to 14.08.2025 |
| 4 | Online Entry in Vacant Seat Module | 10.08.2025 to 19.08.2025 |
| 5 | Submission of Vacant seat File for Endorsement at ACPC | 20.08.2025 |

ખાલી રહેલી જગ્યાઓ માટે ઉપરોક્ત કાર્યરીતીનું પાલન કરવાનું રહેશે. ખાલી પડેલ બેઠકો પર પ્રવેશ કાર્યવાહી **તા. 05.08.2025 થી તા.14.08.2025** દરમિયાન જે તે સંસ્થાસ્તરે યોજાશે. જે-તે સંસ્થાએ સંસ્થાના નોટીસ બોર્ડ અને વેબસાઈટ ઉપર ખાલી બેઠકો ની માહિતી મુકવાની રહેશે. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી સંસ્થા સ્તરે કરવાની રહેશે.

**મેમ્બર સેક્રેટરી**